Extra No. 323

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, SEPTEMBER 10, 2025 / BHADRA 19, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખઃ ૧૦મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ/૯૨/૨૦૨૫/એસીડી/એફએપી/ઈ-ફાઈલ/૨/૨૦૨૫/૦૧૫૩/છ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Co-operative Societies Act, 1961

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ

જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક: જીએચકેએચ/૯૨/૨૦૨૫/એસીડી/એફએપી/ઈ-ફાઈલ/૨/૨૦૨૫/૦૧૫૩/છ: ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૬૮ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, નિયમોનો અમુક મુસદ્દો, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખ: ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૪૪/૨૦૨૫/એસીડી/એફએપી/ઈ-ફાઈલ/૨/૨૦૨૫/૦૧૫૩/છ. હેઠળ તારીખ: ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-ખ-માં, પાના ૯૦-૧ થી ૯૦-૩-માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ થતા પહેલા, વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતાં:

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે:

તેથી, હવે, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા)ની કલમ ૧૬૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત સહકારી મંડળી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત સહકારી મંડળી નિયમો, ૧૯૬૫ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩૧ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૩૧ક. સભ્યોના કલ્યાણ ફંડમાં ફાળો.- દરેક મંડળી, દર વર્ષે ચોખ્ખા નફાના ઓછામાં ઓછા ૧% અને વધુમાં વધુ ૩%ના પ્રમાણમાં સભ્યોના કલ્યાણ ફંડમાં ફાળો આપશે.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩૭ક પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૩૭ખ. વહીવટદારને ચૂકવવાપાત્ર મહેનતાણુ.-

(૧) રજિસ્ટ્રાર, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી વિવિધ પ્રકારોની મંડળીઓ માટે, વહીવટદારને ચૂકવવાપાત્ર મહેનતાણાની માસિક રકમ નક્કી કરી શકશે.

મહેનતાણું નક્કી કરતી વખતે, રજિસ્ટ્રાર, મંડળીના કામકાજ અને અને નાણાકીય સ્થિતિને ધ્યાનમાં લેશે.

અનુસૂચિ

અનુક્રમાંક	મંડળીનો પ્રકાર	ચૂકવવાપાત્ર મહેનતાણાની મહત્તમ માસિક રકમ રૂપિયામાં
૧.	૨.	૩.
(૧)	સર્વોચ્ચ મંડળીઓ.	૧,૫૦,૦૦૦/-
(૨)	જિલ્લા સહકારી બેંકો/જિલ્લા સહકારી દૂધ સંઘો.	૧,૦૦,૦૦૦/-
(૩)	ઉપરના અનુક્રમાંકો (૧) અને (૨)માં જણાવેલી મંડળીઓ સિવાય સમગ્ર રાજ્ય/જિલ્લામાં કાર્યક્ષેત્ર ધરાવતી મંડળીઓ.	૭૫,૦૦૦/-

અનુક્રમાંક	મંડળીનો પ્રકાર	ચૂકવવાપાત્ર મહેનતાણાની મહત્તમ માસિક રકમ રૂપિયામાં
૧.	૨.	૩.
(૪)	સમગ્ર તાલુકામાં કાર્યક્ષેત્ર ધરાવતી મંડળીઓ.	૨૫,૦૦૦/-
(૫)	શહેરી સહકારી બેંકો.	૧,૦૦,૦૦૦/-
(૬)	ખાંડ સહકારી બેંકો.	૧,૦૦,૦૦૦/-
(૭)	ઉપરના અનુક્રમાંકો (૧) થી (૬)માં જણાવેલી ન હોય તેવી તમામ અન્ય મંડળીઓ.	૧૫,૦૦૦/-

નોંધ. (૧) મહેનતાણું વહીવટદારની સમિતિના કિસ્સામાં, તમામ સભ્યોમાં સમાનપણે વહેંચવામાં આવશે.

(૨) સરકારી અધિકારી/કર્મચારી વહીવટદાર હોય, ત્યારે તે મહેનતાણા તરીકે તેના મૂળ પગારના વધુમાં વધુ ૧૦% રકમ માટે પાત્ર થશે અને મહેનતાણાની બાકીની રકમ, હોય તો, તે સરકારમાં જમા કરવામાં આવશે.

(૩) કોઈપણ વ્યક્તિને, રાજ્ય/જિલ્લા કક્ષાની એક કરતા વધુ મંડળીમાં અને આ પ્રકારોની મંડળીઓ સિવાયની મંડળીઓ માટે, એક જ સમયે પાંચ સહકારી મંડળીઓમાં વહીવટદાર તરીકે નીમવામાં આવશે નહિ.

(૪) શહેરી સહકારી મંડળીઓમાંના કિસ્સામાં, ભારતીય રિઝર્વ બેંક-એ વહીવટદારને ચૂકવવાપાત્ર મહેનતાણાની માસિક રકમ નક્કી કરી હોય, તો તે અનુક્રમાંક (૫) પર જણાવેલી રકમને લક્ષમાં લીધા વિના, લાગુ પડશે.

(૫) આવું મહેનતાણું, મંડળીના ફંડમાંથી ચૂકવવાપાત્ર રહેશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪૮ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૪૮ક. લિક્વિડેટર(ફડચા અધિકારી) દ્વારા અગ્રાધિકાર ચૂકવણી.-

કાર્યવાહીઓ આટોપી લેવામાં, લિક્વિડેટર હેઠળની મંડળીની જવાબદારીઓ, નીચેના અગ્રતા ક્રમમાં ચૂકવવાની (આપવાની) રહેશે:-

(૧) (ક) વીમો ઉતરાવેલી સહકારી બેંકના કિસ્સામાં, સહકારી બેંક દ્વારા રૂપિયા પાંચ લાખ સુધીનો વીમો ઉતરાવેલા થાપણદારોની થાપણ, જો થાપણ વીમા અને શાખ બાંયધરી કોર્પોરેશન દ્વારા અગાઉથી ચૂકવવામાં આવી હોય, તો ત્યાર પછી તે થાપણ વીમા અને શાખ બાંયધરી કોર્પોરેશન (ડીઆઈસીજીસી)ને ચૂકવવામાં (આપવામાં) આવશે.

(ખ) મંડળી પાસેથી કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, સ્થાનિક સત્તામંડળને તમામ મહેસૂલ, વેરા, ઉપકર અને અન્ય લેણા ચૂકવવામાં આવશે,

(ગ) ખાંડ સહકારી મંડળીઓના કિસ્સામાં, શેરડીના ખેડૂતોને ખાંડની કિંમતની બાકી રકમની ચૂકવણી,

(ઘ) જામીનગીરીના પ્રમાણમાં સુરક્ષિત લેણદારોને ચૂકવવાની બાકી રકમ(ની ચૂકવણી),

(ચ) તમામ વેતન અને પગાર(ની ચૂકવણી),

(છ) કર્મચારીઓના કલ્યાણ માટે પેન્શન ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અથવા અન્ય કોઈ ફંડમાંથી કોઈ કર્મચારીની લેણી નીકળતી તમામ રકમ(ની ચૂકવણી),

(જ) સહકારી બેંકો સિવાયની મંડળીઓના કિસ્સામાં, થાપણદારોની એક લાખ રૂપિયા સુધીની થાપણ(ની ચૂકવણી).

(૨) ઉપર્યુક્ત રકમની ચૂકવણી પછી, જો કોઈ રકમ બાકી રહેતી હોય, તો તે નીચે પ્રમાણે ચૂકવવી જોઈશે:

(ક) ફડચામાં ગયેલી બેંકમાં રહેલી પાંચ લાખ રૂપિયા સુધીની અથવા તેનાથી ઓછી (રકમની) થાપણ વીમા અને શાખ બાંયધરી (ડિપોઝિટ ઈન્સ્યોરન્સ અને ક્રેડિટ ગેરંટી) કોર્પોરેશન (ડીઆઈસીજીસી) દ્વારા ચૂકવણી કર્યા પછી, પાંચ લાખ રૂપિયાથી વધુ (રકમ)ની થાપણો હેઠળ ચૂકવવાપાત્ર બાકીની રકમ;

(ખ) સુરક્ષિત લેણદારોની જામીનગીરી ઉપરાંત બાકી લેણાં;

(ગ) અન્ય બેંકો, સહકારી મંડળીઓનાં લેણાં;

(ઘ) અસુરક્ષિત લેણદારોનાં લેણાં;

(ચ) સહકારી બેંકો સિવાયની મંડળીઓના કિસ્સામાં, થાપણદારોની એક લાખ રૂપિયાથી વધારે (રકમની) થાપણ (ડિપોઝિટ);

(છ) કર્મચારીઓને ચૂકવવાપાત્ર અને બાકી અન્ય કોઇ રકમ.

(૩) પેટા-નિયમ (૨)માં દર્શાવેલ દેવાનો પ્રકાર પારસ્પરિક રીતે સમાન રહેશે અને તેને સંપૂર્ણપણે ચૂકવવામાં આવશે, સિવાય કે તેને (દેવાને) પહોંચી વળવા માટે, અસ્કયામતો અપૂરતી હોય તેવા કિસ્સામાં, તેમાં (દેવામાં) સમાન પ્રમાણમાં ઘટાડો થશે."

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪૦ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૧૪૦ક. ગૃહનિર્માણ અથવા સહકારી ગૃહનિર્માણ સેવા મંડળી (હાઉસિંગ સર્વિસ કો-ઓપરેટિવ સોસાયટી)ના કિસ્સામાં, તબદીલી ફી.-

(૧) પેટા-કાયદાની જોગવાઇઓને અધીન રહીને, ગૃહનિર્માણ અથવા સહકારી ગૃહનિર્માણ સેવા મંડળી-એ, તબદીલ કરેલી મિલકતની અવેજ કિંમતના ૦.૫ ટકા (૦.૫%) અથવા એક લાખ રૂપિયા, એ બેમાંથી જે ઓછું હોય તેનાથી વધુ દરે તબદીલી ફી વસૂલ કરવી જોઇશે નહિ.

(૨) કાયદેસર વારસદારોને તબદીલીના કિસ્સામાં, તબદીલ કરાયેલ મિલકતની કોઇપણ અવેજ કિંમત વિના કોઇપણ તબદીલી ફી વસૂલ કરવી જોઇશે નહિ.

(૩) અન્ય કોઇ ફંડમાં અથવા અન્ય કોઇ કારણ હેઠળ વિકાસ ખર્ચ, દાન અથવા ફાળા સ્વરૂપે વધારાની કોઇપણ રકમ, તબદીલીના સમયે, તબદીલ કરનાર અથવા તબદીલીથી લેનાર પાસેથી વસૂલ કરવી જોઇશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. દાંતણિયા,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.19 18:28:56 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar